# ગુડાના આવાસ જોવા લાભાર્થીઓનો ભારે ધસારો

## આવાસથી વંચિત રહેલા પરિવારો પણ આવાસ જોવા ઉમટયા

ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા તાજેતરમાં અફોર્ડેબલ હાઉસીંગ મકાનનો ડ્રો યોજવામાં આવ્યો હતો. શહેરી વિસ્તારમાં રહેતા મકાન વિહોણા ૧૧૨૦ પરીવારોને મકાન ફાળવાયા છે. આ મકાન રાયસણ, અડાલજ અને ચિલોડા ખાતે આવેલા છે. ગુડા દ્વારા મકાન ફાળવાતા આ પરિવારો પોતાના ઘરના ઘરની ઈચ્છા પૂર્ણ થતાં સાઈટ ઓફિટ પર સેમ્પલ હાઉસ જોવા લોકોની ભારે ભીડ ઉમટી પડી છે.

મકાન વિહોણા પરિવારોને ગુડા તરફથી સસ્તા દરે મકાન મળતા લોકોમાં આનંદ છવાયો છે. જયારે આ મકાનની સ્કિમમાં ફોર્મ નહોતું ભર્યું અને આવાસથી વંચિત રહેલા અન્ય પરિવારો પણ ગુડાના આવાસ જોવા પડાપડી કરી રહ્યા છે. જયારે પોતાના સ્વપ્નાં ઘરની શોધ પુરી થતાં લોકો આવાસ જયાં નિર્માણ પામી રહ્યા છે તે સાયસણ સાઈટ પર સેમ્પલ હાઉસ જોવા લોકોનો ભારે ધસારો જોવા મળી રહ્યો છે.

રાયસણ ગામમાં જવાના આ માર્ગ પર નહિવત ટ્રાફિક જોવા મળે છે પરંતુ ડ્રો બાદ માર્ગ વાહનોથી ઉભરાય છે. ગુડાના આવાસનું સેમ્પલ હાઉસ જોઈ લોકો પણ ખુશખુશાલ થઈ ઉઠે છે.

# બ્રહ્માકુમારી દ્વારા અખિલ ભારતીય નારી સુરક્ષા અભિયાન હાથ ધરાયુ

ગાંધીનગર, તા. ૧૬

પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય, રાજયોગ એજયુકેશન એન્ડ રીસર્ચ ફાઉન્ડેશનના મહિલા વિભાગ દ્વારા સમાજમાં નારી પ્રત્યેની સમસ્યાઓનું આધ્યાત્મિક શક્તિ દ્વારા નિરાકરણ કરવા માટે ભારત દેશમાંથી ૨૫ થી વધુ અખિલ ભારતીય નારી સુરક્ષા અભિયાન હાથ ધરવામાં આવ્યું છે.




ગુજરાતમાં જૂનાગઢ, પોરબંદર, દમણ, ભુજ અને પાલનપુરથી આગામી ૨૦ ફેબ્રુઆરીના રોજ વડોદરા ખાતે સમાપન કરવામાં આવનાર છે. જેમાં ભાગરૂપે આજે સવારે ૯.૦૦ કલાકે કડી કેળવણી મંડળ સે. ૨૩ ખાતે, સવારે ૧૧.૦૦ કલાકે સી.આર.પી.એફ. કેમ્પસ ખાતે બપોરે ૧.૦૦ વાગે ચિલોડા સેવા કેન્દ્ર ખાતે અને સાંજે ૪.૦૦ કલાકે કચ્છ કાઠિયાવાડ રાજપુત સમાજ ખાતે આધ્યાત્મિક જાગૃતિ લાવવા માટે વક્તવ્યો આપવામાં આવ્યા હતા.

આ પ્રસંગે કેળવણી મંડળના ડાયરેકટર સોમાભાઈ પટેલ રાજયોગીની કૈલાશદીદી, બી.કે. તારાબેન, સી.આર.પી.એફ. ખાતે મહિલા બટાલીયન અને શુશીલાબેન ભગીની તેમજ વિવિધ સંસ્થાઓની મહિલા પ્રતિનિધિઓ ઉપસ્થિત રહી હતી.

# ક્રિકેટ વર્લ્ડ કપ મેચમાં સટ્ટો રમાડતા બે શખ્સો ઝડપાયા

## સે. ૨૪ ડબલડેકર મકાનમાં એક ઓફીસમાં બેસીને અન્ડર-૧૯ ની મેચમાં સટ્ટો રમાડતા હતા : એલસીબીનો દરોડો

ગાંધીનગર, તા. ૧૬

અન્ડર-૧૯ ક્રિકેટ વર્લ્ડ કપની ચાલતી મેચમાં ગઈકાલે સે. ૨૪માં સટ્ટો રમાડાઈ રહ્યા હોવાની બાતમીને આધારે ગાંધીનગર એલ.સી.બી.ની ટીમે દરોડો પાડી બે સટ્ટોડીયાઓને ઝડપી પાડ્યા છે. પોલીસે ૩ મોબાઈલ, એક ટીવી અને રૂ. ૧૨ હજાર રોકડા સાથે બન્નેની ધરપકડ કરી ઊંડી પુછતાછ શરૂ કરી છે.

ગાંધીનગર એલસીબીની ટીમને બાતમી મળી હતી કે સેક્ટર-૨૪ ચોકડી નજીક ડબલડેકરના મકાનની ઓફીસમાં અન્ડર-૧૯ ક્રિકેટ વર્લ્ડકપ પર સટ્ટો રમાડાઈ રહ્યો છે. ગઈ મોડી સાંજે બાતમીને આધારે એલસીબી પી.એસ.આઈ. એચ.કે. સોલંકી, પો.કો. વિપુલ દેસાઈ, સંદિપસિંહ સહીતની ટીમે દરોડો પાડી બે સટ્ટોડીયાઓને રંગેહાથ ઝડપી લીધા હતા. રૂ. ૧૧,૯૫૫ રોકડા, ૩ મોબાઈલ અને ટીવી કબ્જે લઈ સે. ૨૫ સહકાર કોલોનીમાં રહેતા ચિરાગ અરવિંદ ભટ્ટ અને સે. ૨૨ પ્લોટ નં. ૫૨૧/૨ માં રહેતા અજીત દશરથ પટેલ બન્નેની ધરપકડ કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે. એલસીબીની ટીમે બન્ને આરોપીઓ સે. ૨૧ પોલીસને સોંપી દેતા સે. ૨૧ પોલીસે વધુ તપાસ શરૂ કરી છે.




આગામી લોકસભાની સામાન્ય ચૂંટીઓના દુદુંભિ વાગી રહ્યા છે ત્યારે તમામ રાજકીય પક્ષોએ કમર કસવા માંડી છે. ગાંધીનગરમાં ભારતીય જનતા પક્ષના કાર્યકરો હાલ નરેન્દ્ર મોદીને વડાપ્રધાન બનાવવા દિવસ રાત એક કરી રહ્યા છે. સેકટર-૨૧, ૨૨ અને ૨૩માં ભાજના કાર્યકરો દ્વારા ધનસંગ્રહ કાર્યક્રમ હેઠળ રવિવારે સવારે ફંડ એકત્ર કરવાનો પ્રારંભ કરાયો હતો.

# શહેરમાં નમોના નામથી સોડા સેન્ટર શરૂ

## શિવરાત્રીના દિવસે ૫૦૦૦ લોકોને મફત સોડા પીવડાવાશે

ગાંધીનગર, તા. ૧૬

ભાજપના વડાપ્રધાન પદના ઉમેદવાર નરેન્દ્રભાઈ મોદીની ચાય પે ચર્ચાએ સમગ્ર દેશમાં ચર્ચા જગાવી છે. અને તેના પગલે દેશભરમાં નમો ટી સ્ટોલ પણ ચાલુ થઈ ગયા છે ત્યારે શહેરના મોદી ભક્ત દ્વારા નમો સોડા સેન્ટરની શરૂઆત કરવામાં આવી છે. આગામી શિવરાત્રીના પર્વે સોડા સેન્ટરના માલિક દ્વારા નમોના નામની સોડા ૫૦૦ લોકોને મફત પીવડાવાશે.

મૂળ વિરમગામના અને શહેરમાં સ્થાયી થયેલ મહેન્દ્રકાકા જેઓ સોડાવાળાના હુલામણા નામથી ઓળખાય છે. તેઓ ઘ-૨ કોર્નર ખાતે છેલ્લા ૫ વર્ષથી મહાકાળી સોડા સેન્ટરના નામથી લારી ચલાવે છે. તેમણે હવે નમો સોડા સેન્ટરની શરૂઆત કરી નમોના નામની સોડાનું પીણુ રાજ્યમાં ધૂમ મચાવશે તેમ મહેન્દ્રકાકાએ જણાવ્યું છે. સામાન્ય નાગરીક એવા મહેન્દ્રકાકાએ પોતાની આગવી શૈલીથી સોડા બનાવીને શહેરના નાગરીકોને સોડાના પીણાના શોખીન બનાવી દીધા છે. અને આગામી મહાશિવરાત્રીના પર્વે તેઓ નમોના નામની સોડા ૫૦૦ લોકોને મફત પીવડાવશે. જેનાથી તેમનો નરેન્દ્રભાઈ પ્રત્યેનો પ્રેમ અને મોદી સાહેબની પ્રસિદ્ધિ કેટલી છે તે જણાઈ આવે છે.

તેમણે જણાવ્યું હતું કે આજના માર્કેટીંગ યુગમાં કંપનીઓ તથા વેપારીઓ જાતજાતની તરકીબો બતાવી ગ્રાહકોને ફોસલાવતા હોય છે. ત્યારે મારી સોડા વેચવાની સ્કીમ બિલકુલ સરળ અને પારદર્શક છે. જેમાં ગ્રાહકને સોડા પીધા પછી સંતોષનો ઓડકાર ન આવે તો સોડાના રૂપિયા પરત કરવાની ચેલેન્જ આપુ છુ.

મહેન્દ્રકાકાએ ગુજરાત વિધાનસભામાં ચુંટાયેલા ૧૮૨ ધારાસભ્યો અને રાજ્યના મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદીને પોતાના હાથે બનાવેલી સોડા વિનામૂલ્યે પિવડાવવાની ઈચ્છા વ્યક્ત કરી છે. તેમણે આ બાબતે મુખ્યમંત્રી અને વિધાનસભાના અધ્યક્ષ વજુભાઈ વાળાને લેખીત પત્ર મોકલવામાં આવ્યો છે. મુખ્યમંત્રી અને અધ્યક્ષ દ્વારા પરવાનગી આપવામાં આવે તો સોડાની સામગ્રી સાથે વિધાનસભા પરિસર ખાતે ઉપસ્થિત રહેશે.

દેશમાં મુખ્યમંત્રી નરેન્દ્રભાઈના નામે ટી-શર્ટ, લાડુ, પેંડા અને ચા પછી નમો સોડા સેન્ટર પણ શરૂ થવાથી નરેન્દ્રભાઈનું કદ કેટલુ છે તેનો પુરાવો આપે છે.

# ચિલોડા ખાતે ધનસંગ્રહ અભિયાનનો શુભારંભ




આગામી લોકસભાની સામાન્ય ચુંટણીના પડઘમ વાગી રહ્યા છે ત્યારે રાજકીય પક્ષો દ્વારા જનજનનો સહયોગ મેળવા સૌનો સાથ સૌનો વિકાસના મંત્રને જનભાગીદારી અર્થે ભારતીય જનતા પાર્ટી એક નોટ-કમળને વોટ અભિયાન ઝુંબેશને વેગવાન બનાવવા ભાજપના સંનિષ્ઠ કાર્યકરો દ્વારા ધનસંગ્રહ કાર્યક્રમ હેઠળ કાર્યકર ફંડ એકત્રિત કરવા કળશ સાથે ગામમાં પરિભ્રમણ કરી રહ્યા છે. જેમાં મહુન્દ્રા ગામના ભાજપના સંનિષ્ઠ માલધારી કાર્યકર પ્રભાતભાઈ દેસાઈ કળશ લઈ પક્ષની વફાદારી દર્શાવવા પ્રતિબધ્ધ બન્યા છે. આ ધનસંગ્રહ અભિયાનમાં મોદી ફોર પી.એમ., એક ભારત શ્રેષ્ઠ ભારત, મિશન ૨૭૨, વંદેમાતરમ્ વગેરે સૂત્રો સાથેનો કળશ માલધારી પોતાના હાથમાં લઈ રાષ્ટ્રભાવના દર્શાવવા તત્પર બન્યા છે. અભિયાન વેગવાન બને તેવી ઈચ્છા તેમણે વ્યકત કરી હતી. (તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

# કલોલ ખાતે મુખ્યમંત્રી અમૃતમ-મા યોજનાનો જિલ્લા કક્ષાનો મેગા આરોગ્ય કેમ્પ યોજાયો

## ૮૦૦૦ ઉપરાંત દર્દીઓએ વિનામૂલ્યે નિદાન-સારવારનો લાભ લીધો



ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગર જિલ્લાના કલોલ ખાતે આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ તથા ગાંધીનગર જિલ્લા પંચાયત દ્વારા મુખ્ય મંત્રી અમૃતમ-મા યોજના અંતર્ગત જિલ્લા કક્ષાનો વિના મૂલ્યે નિદાન અને સારવાર મેગા કેમ્પ આજરોજ યોજાયો હતો.

કલોલ તાલુકા પંચાયત કચેરી ખાતે યોજાયેલ આ મેગા આરોગ્ય કેમ્પનું ઉદ્દ્ઘાટન કરતા નાણાં, આરોગ્ય - પરિવાર કલ્યાણ મંત્રી શ્રી નીતિનભાઈ પટેલે જણાવ્યું હતું કે, લોકોના આરોગ્યની - સ્વાસ્થ્યની ચિંતા રાજય સરકારે કરીને અનેક યોજનાઓ અમલી બનાવી છે. જિલ્લાના આ મેગા કેમ્પમાં મા યોજના અંતર્ગત તમામ -કારની નિદાન-સારવારની સુવિધાઓ ઉપલબ્ધ કરવામાં આવી છે. જરૂરિયાતમંદ - ગરીબ દર્દીઓ માટે આ આરોગ્ય કેમ્પ આશીર્વાદરૂપ છે, કેમકે એક જ સ્થળેથી સારવાર-દવાઓ અને સુપર સ્પેશિયાલિસ્ટ ડૉકટરની સેવા મળી રહેનાર છે. ગ્રામ્ય વિસ્તારમાંથી દર્દીઓને લઈ જવા લાવવાની સગવડ પણ કરાઈ છે. મુખ્ય મંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આરોગ્યને અગ્રિમતા આપીને આરોગ્ય સુવિધાઓ વધુ અધતન અને સઘન બનાવી છે. આરોગ્યની સેવા એ મોટી માનવ સેવા છે. આ -કારના મેગા આરોગ્ય કેમ્પ દ્વારા વધુમાં વધુ દર્દીઓને એક જ સ્થળેથી તમામ -કારની આરોગ્યલક્ષી સારવાર- સુવિધા મળી રહે તે માટે રાજય સરકારે ખાસ કાર્યક્રમ શરૂ કર્યા છે. સાબરકાંઠા અને બનાસકાંઠા જિલ્લામાં આવા મેગા કેમ્પમાં કુલ- ૧૮,૦૦૦ ઉપરાંત દર્દીઓએ લાભ લીધો હતો.

# યુવાનની તિક્ષ્ણ હથિયારથી સાત ઘા મારીને ક્રુર હત્યા

## પીઠ, ગળે, થાપે અને પેટનાં ભાગે શાર્પ કટીંગ : મૃતકની ઓળખ હજુ થઈ શકી નથી

ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગર નજીક વલાદ ગામની સીમમાં રોડની સાઈડમાંથી આજે સવારે એક અજાણ્યા યુવાનની ક્રુરતાથી હત્યા કરીને ફેંકી દેવાયેલી લાશ મળી આવતા ચકચાર મચી જવા પામી છે. મૃતક યુવાનની હજુ સુધી ઓળખ થઈ શકી નથી. શરીરે તિક્ષ્ણ હથિયાર વડે થયેલા સાત-સાત ઘા જોતા કોઈ ગંભીર અદાવતે લીધે હત્યા થયાની આશંકા છે. ડભોડા પોલીસે હત્યાનો ગુનો દાખલ કરીને ઈન્ચાર્જ પીએનઆઈ એ.જી. રાઠોડે તપાસનો દોર શરુ કર્યો છે.

વલાદ પાટીયા પાસે રોડની બાજુમાં હત્યા કરીને ફેંકી દેવાયેલી હાલતમાં આશરે ૪૦ વર્ષના કોઈ અજાણ્યા યુવાનનો મૃતદેહ પડયો હોવાની જાણ ગામના સરપંચને થતા સરપંચે ડભોડા પોલીસને ઘટનાની જાણ કરી બોલાવી હતી. પોલીસે સ્થળ પર પહોંચી તપાસ કરતાં યુવકે શરીરે ગ્રે પેન્ટ અને બદામી રંગનો શર્ટ પહેર્યો હતો. જમણા હાથે રાકેશજી-અનિતા છુંદણાથી છુંદાવેલું છે. અજાણ્યા મૃતક યુવાનની ઓળખ હજુ થઈ નથી તેના શરીરે એક પછી એક સાત ઘા તિક્ષ્ણ હથિયારથી મારેલાના નિશાન છે, પીઠ પર ૪, પેટ પર ૨ ઘા ઉપરાંત ગળે અને થાપે પણ ઉંડા ઘા મારીને હત્યા કરી ફેંકી દેવાયો છે. ડબોડા પોલીસે મૃતદેહ પીએમ કરાવી મૃતકની ઓળખ અને હત્યારા સુધી પહોંચવા તજવીજ શરુ કરી છે.

# ગાંધીનગર પૂર્વ વિસ્તાર ખાતે મહેસુલી તલાટીની પરીક્ષાના કેન્દ્રો પર પરીક્ષાનો માહોલ



(તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

ચિલોડા, તા.૧૬

ગાંધીનગર જિલ્લાના પૂર્વ વિસ્તારના મુખ્યત્વે મહેસુલ વિભાગ દ્વારા મહેસુલી તલાટીની લેખિત પરીક્ષામાં નેશનલ હાઈવે ૮ પર આવેલી મુખ્ય શાળાઓમાં જિલ્લાના નોકરી ઈચ્છુક ઉમેદવારો પરીક્ષા અર્થે પરીક્ષા કેન્દ્રો પર ઉમટી પડયા હતાં. જેમાં ચિલોડા હાઈસ્કુલ અને ઓમ લેન્ડમાર્ક શાળા ખાતે ઉમેદવારો સમયસર વાલીઓ સાથે આવીને પરીક્ષા ખંડમાં હાજર થઈ પરીક્ષા આપવા કટીબધ્ધ બન્યા હતા જયારે બ્લોક સુપરવાઈઝરોએ પોતાની પરીક્ષા અંગેની જવાબદારી નિભાવવા પ્રયત્નશીલ બની શાંતિપૂર્ણ માહોલમાં પરીક્ષા આપી હતી. આમ ચિલોડા ખાતે ગુરુકુળ શાળામાં દશ બ્લોકની વ્યવસ્થા કરી ૩૦૦ વિદ્યાર્થીઓ પરીક્ષાર્થી તરીકે ઉપસ્થિત રહ્યા હતાં.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૭.૧૨
સૂર્યાસ્ત : ૬.૨૯

## તાપમાન

મહત્તમ : ૨૭.૮ ડિ.સે.
લઘુત્તમ : ૧૨.૫ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૭૮ ટકા ● સાંજે ૩૦ ટકા

## મનોરંજન

### સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
ગુંડે : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૧૦, ૭.૨૦, ૧૦.૩૦

: સ્ક્રીન-૨ :
ગુંડે: ૯.૦૦, ૧૨.૦૦, ૩.૧૦, ૬.૨૦, ૯.૩૦

: સ્ક્રીન-૩ :
રોબોકોપ (હિન્દી) : ૯.૦૦, ૨.૩૦, ૧૧.૦૦
ગુંડે : ૧૧.૩૦, ૫.૦૦, ૮.૦૦

: સ્ક્રીન-૪ :
હસી તો ફસી : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૯.૩૦
રોબોકોપ (હિન્દી) : ૭.૦૦

### આર વર્લ્ડ

: સ્ક્રીન-૧ :
ગુંડે :૯.૧૫, ૧૨.૧૫, ૩.૧૫, ૭.૧૫, ૧૦.૧૫

: સ્ક્રીન-૨ :
હસીના માન જાયેગી : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
જય હો : ૬.૪૫

: સ્ક્રીન-૩ :
ગુંડે : ૧૦.૧૫, ૧.૧૫, ૬.૧૫, ૯.૧૫

### સૂર્યા, વાવોલ

ગુંડે : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
હસી તો ફસી : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

### મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
ગુંડે : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦

: સ્ક્રીન-૨ :
ગુંડે : ૧૨.૦૦, ૩.૦૦, ૬.૦૦, ૯.૦૦

: સ્ક્રીન-૩ :
હસી તો ફસી :૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫

### ચિરાગ સિનેમા(કલોલ)

ગુંડે :૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

## આપની આજ

**મેષ** : સંતાનને રોજગારના ક્ષેત્રે ઉન્નતિ પ્રાપ્ત થઈ શકશે. આવકના નવા સ્ત્રોતો ઉભા થવાની સંભાવના છે. કોઈ ચિંતાથી મુક્તિ મળશે. કૌટુંબિક સમસ્યાઓનું નિરાકરણ આવી શકે છે.

**વૃષભ** : યાત્રા થઈ શકે છે. ગુસ્સા અને આવેશ પર સંયમ રાખવો. શારીરિક સ્વાસ્થયનું ધ્યાન રાખવું. ઋતુ પ્રમાણે આહાર લેવો વિશેષ યાત્રાનો યોગ બની રહ્યો છે.

**મિથુન** : ગૂઢ કાર્યોમાં સફળતા પ્રાપ્તિનો યોગ બની રહ્યો છે. સામાજિક ક્ષેત્રોમાં ધાર્મિક કાર્યો વગેરેનો યોગ બની રહ્યો છે. આર્થિક ક્ષેત્રે લંબિત પ્રકરણોમાં વિશેષ કાર્ય થઈ શકશે.

**કર્ક** : વ્યાપાર- દૈનિક રોજગારમાં વિશેષ લાભનો યોગ બની રહ્યો છે. કૌટુંબિક કાર્યો માંગલિક કાર્યો, ધાર્મિક કાર્યો માટે વિશેષ યાત્રાનો યોગ.

**સિંહ** : શુભ ફળ પ્રાપ્ત થશે. વિરોધભાસ અને વિવાદને કારણે પરિણામ નહીં મળે. ભાગ્યવર્ધક કાર્યોમાં અડચણ સંભવિત છે. બહારનાં ક્ષેત્રોની યાત્રા દરમ્યાન સાવધાની રાખવી, રોગ, ઋણ સંબંધી કાર્યોમાં સંયમ રાખવું.

**કન્યા** : ધર્મ આધ્યાત્મ સંબંધી કાર્યોમાં ગહન ચિંતનનો યોગ બને છે. વિવાદિક વ્યાપારિક કાર્યોમાં આર્થિક લાભનાં નવા સ્ત્રોત તરફ વિચાર- વિમર્શ થવાની શકયતાઓ છે.

**તુલા** : વ્યાપારીક- વ્યપારક્ષેત્રે ભાગીદારીથી લાભ પ્રાપ્તિ થવાની સંભાવના વધતી જણાય. વ્યાપારમાં નાણાંકીય મુશ્કેલીઓ ન ઉભી થાય તેની સાવચેતી રાખવી.

**વૃશ્ચિક** : નાણાંકીય કાર્યોમાં સફળતા પ્રાપ્ત થશે. શિક્ષણ સંબંધી કાર્યોમાં ધન ખર્ચ થશે. ધાર્મિક યાત્રાનો થવાની સંભાવના છે. વ્યાપારમાં ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્ત થવાની શક્યતાઓ રહેલી છે.

**ધન** : નાણાંકીય કાર્યોમાં સફળતા પ્રાપ્ત થઈ શકશે. મનોરંજન, સંતાન સંબંધી કાર્યોમાં ધન ખર્ચ થઈ શકશે. શિક્ષણ સંબંધી કાર્યોમાં ગહન શોધના કાર્યો થશે. ગૂઢ કાર્યોમાં શોધનો યોગ.

**મકર** : કુટુંબમાં શુભ માંગલિક કાર્યો માટે ચર્ચા-વિચારણા થશે. આર્થિક સ્થિતિમાં લાભનો થઈ શકશે. શારીરિક સ્વાસ્થ્યનું ધ્યાન રાખવું. મોસમ અનુસાર આહાર-વિહાર કરવું.

**કુંભ** : કાર્યોમાં પ્રગતિ થશે. સ્ફૂર્તિ અને જોશ રહેશે. કર્મક્ષેત્રમાં ભાગ્યવર્ધક યાત્રા-પ્રવાસ થઈ શકે છે. આધ્યાત્મ સંબંધી માંગલિક કાર્યોમાં વિશેષ યાત્રા થવાની શકયતા છે.

**મીન** : નવી કાર્યયોજનાના યોગ પ્રબળ બનશે. પ્રેમ સબંધોમાં સફળતા પ્રાપ્ત થશે. ભવન, વાહન પરિવર્તન સંબંધી ભાગ્યવર્ધક કાર્યોમાં યાત્રા- પ્રવાસનો યોગ પ્રબળ બની રહ્યો છે. શિક્ષા, મિત્રવર્ગ સંબંધી શોધકાર્યમાં સમય પસાર થશે.

## ચિરવિદાય

- સ્વ. મુકેશભાઈ બાબુભાઈ દંતાણી (ઉ.વ. ૪૦)મુ.પો. ગોકુલપુરા, સેક્ટર-૧૪, ગાંધીનગર.